THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY
ESTD : 1953

Mahesh H Puj
President
98253 61199

Deepak H Parekh
Vice President
99785 55000

Mahesh S Tirthani
Hon. Secretary
98252 26889

Jatin S Agrawal
Hon. Jt. Secretary
98252 26777

Narendra M Ramanie
Treasurer
98242 56789

રેફ. નં. જીસીસીઆઇ-કે-૪૩ તા. ૧૬.૫.૨૦૨૪

શ્રી રાજેશ મંજુ, IAS
વાહન વ્યવહાર કમિશ્નર,
ડો. જીવરામ મહેતા ભવન,
બ્લોક નં. ૬, બીજો અને ત્રીજો માળ,
જુનું સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૦૧
commi-trans@gujarat.gov.in

વિષયઃ-જુના ટેક્ષની વસુલાત અને અકસ્માત થયેલ ટ્રકોનાં ફીટનેસ સર્ટિફિકેટ બાબત

જયભારત સાથ સવિનય જણાવવાનું કે, કચ્છ જિલ્લો મહાબંદરો અને વિવિધ ઉદ્યોગોથી ધમધમતો હોઇ રાજ્યનું ટ્રાન્સપોર્ટ હબ ગણાય છે. જિલ્લાની વિશાળતા અને વાહનોની સંખ્યાને અનુલક્ષીને ભુજની મુખ્ય કચેરી ઉપરાંત અંજાર ખાતે સહાયક RTO કચેરી કાર્યરત થયાથી વાહન નોંધણી અને સંલગ્ન કાર્યવાહીમાં ઘણી રાહત થઇ છે.

આ સાથે ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન અને ટ્રક માલિકોની અનેક રજુઆતોના અનુસંધાને અમો આપશ્રીને નીચેના મુદાઓ બાબતે યોગ્ય નિરાકરણ માટે અનુરોધ કરીએ છીએ.

૧) જુના ટેક્ષની વસુલાત અંગે

RTO કચેરી, ભુજ કચ્છના રેકર્ડમાં ૨૦૧૪-૧૫ ના સમયગાળાનો વાહનવેરો ભરાયેલ જણાતો નથી તેવું દર્શાવીને ટ્રક માલિકોને જો વેરો ભરેલ હોઇ તો તે બાબતની પહોંચની વિગતો જાણ કરવા અથવા વેરાની અને દંડની રકમ ૧૦-દિવસમાં ભરપાઇ કરી જવા માટે નોટીસો પાઠવવામાં આવેલ છે.

આ બાબતે આપશ્રીને જણાવવાનું કે, ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ એક અન ઓર્ગેનાઇઝ્ડ ઉદ્યોગ ગણાય છે. ત્યારે અંદાજે દસેક વર્ષે પહેલાનું વેરો ભરપાઇ કર્યાનું રેકોર્ડ - પહોંચ ટ્રક માલિકો પાસે ઉપલબ્ધ ન હોઇ શકે, જ્યારે કે RTO કચેરી પાસે તો વસુલાતનું પુરેપુરું રેકર્ડ હોવું ફરજિયાત હોય છે. વળી ધંધાદારીઓએ ૧૦ વર્ષ જુનો રેકર્ડ જાળવી રાખવો તેવું કોઇ ફરજિયાત પણ નથી ત્યારે આ પ્રકારની નોટીસ-દંડ સાથે ફટકારવી તે વ્યાજબી નથી. વળી અમુક, ટ્રક માલિકોએ આ નોટીસના પ્રત્યુતરમાં તેઓએ વેરો ભર્યાની પહોંચની નકલ સામેલ કરેલ છે તો RTO કચેરી ધ્વારા તેનો સ્વીકાર કરવામાં આવતો

...૨

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION AHMEDABAD
Rec 20-5-2024

71 YEARS OF SERVICE

"CHAMBER BHAVAN",
Plot no. 71, Sector-8,
Gandhidham-Kachchh-370 201

Ph: +91- 2836-220977, 220735
Mob.: +91 - 99250 37814
E-mail : info@gccikandla.com
Website: www.gccikandla.com

ESTD : 1953



નથી અને અસલ પહોંચ સામેલ કરવા અથવા દંડ સાથે વેરાની રકમ ભરવા માટે કહેવામાં આવે છે, જે ન્યાયોચિત નથી. જેથી આપ સાહેબ આ બાબતે ઘટતું કરી આ પ્રકારની દસ વર્ષે પહેલાંની પહોચની નોટીસ રદ કરાવી અને જેઓએ વેરાની નકલ સામેલ કરેલ છે તે માન્ય રાખી ટ્રક માલિકોની પડી રહેલી હાડમારીનું તાત્કાલિક નિરાકરણ કરશોજી.

આ સાથે ત્રણ ટ્રક માલિકો ધ્વારા વેરાની પહોંચની વિગતોની જાણ કરતા પત્રોની નકલ આપની જાણ માટે સામેલ કરેલ છે. આ ત્રણ ઉપરાંત વધુ સંખ્યામાં ટ્રક માલિકો ધ્વારા આ પ્રકારે વેરાની નકલો સામેલ કરાયેલ છે, પરંતુ તેને અસલ પહોંચ રજુ કરવાનું કહેવામાં આવેલ છે, જે આપની જાણ ખાતર.

૨) <u>અકસ્માતગ્રસ્ત વાહનના ફીટનેસ સર્ટિફિકેટ બાબત</u>

જીવલેણ અકસ્માત (ફેટલ એકસીડન્ટ) થયો હોઇ તેવી ટ્રકોને પોલીસ ખાતા ધ્વારા અટકાયતમાં લેવામાં આવતી હોય છે અને ત્યારબાદ કેસનો નિકાલ થયેથી તે વાહન અંગે જે તે પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મળ્યેથી RTO કચેરી ધ્વારા ફીટનેસ સર્ટિફિકેટ જારી કરવામાં આવેલ છે.

આ બાબતે આપશ્રીને જણાવવાનું કે, ઘણા કેસોમાં જે તે પોલીસ સ્ટેશનના કેસના નિકાલ બાદના અભિપ્રાયો સામેલ કર્યા બાદ પણ RTO કચેરી ખાતેથી ફીટનેસ સર્ટિફિકેટ ઈસ્યુ કરવામાં આવતા નથી, તથા ટ્રક માલિકોને રૂબરૂ બોલાવવાનો આગ્રહ રાખવામાં આવે છે અને રૂબરૂ જવા છતાં પણ કાર્યનું નિરાકરણ લાવવા બાબતે કચેરીનો યોગ્ય સહયોગ મળતો નથી, જેથી આ બાબતે યોગ્ય સુચનાઓ આપી સ્થાયી નિરાકરણ કરવા આપશ્રીને વિનંતી છે.

ઉપરોક્ત બંને મુદાઓ બાબતે કચ્છના ટ્રક માલિકોને પડી રહેલી અસામાન્ય હાડમારી દૂર કરવા સમસ્ત ટ્રક માલિકો વતી ગાંધીધામ ચેમ્બર આપશ્રીને આ બંને મુદે સંલગ્ન કચેરીઓને જરૂરી સૂચનાઓ સાથે સમસ્યાનું નિરાકરણ કરવા આપશ્રીને નમ્ર વિનંતી કરે છે.

આભાર સહ,
આપનો વિશ્વાસુ,

મહેશ પુજ
પ્રમુખ

The Gandhidham Chamber of Commerce & Industry, Gandhidham (Kutch)

Akhil Gujarat Truck Transport Association, Ahmedabad

Dev. 10-5-2024

બીડાણ : ઉપર મુજબ

<u>નકલ રવાના</u> :-પ્રમુખશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, અમદાવાદ

જાવક નંબર.૨૯૯૧/૨૦૨૩
કંડલા મરીન પોલીસ સ્ટેશન
તારીખ :૦૮/૦૮/૨૦૨૩

પ્રતિ,
શ્રી. પ્રાદેશિક વાહન વ્યવહાર અધીકારી સાહેબ
આર.ટી.ઓ. કચેરી અંજાર-કચ્છ.

વિષય:- કંડલા મરીન પો.સ્ટે. ગુ.ર.નં ૧૧૯૯૩૦૧૩૨૨૦૧૪૧/૨૦૨૨ ઇ.પી.કો.કલમ ૨૭૯,૩૦૪(એ) તથા એમ.વી.એક્ટ કલમ-૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબના ગુન્હા કામે સંડોવાયેલ વાહન બાબતે યોગ્ય કાર્યવાહી કરવા બાબત.

જય ભારત એચ.કે.હુંબલ પોલીસ ઇન્સપેક્ટર કંડલા મરીન પોલીસ સ્ટેશન નાઓનો વિનંતી રીપોર્ટ કે,

ઉપરોક્ત વિષય અન્વયે કંડલા મરીન પો.સ્ટે. ભાગ એ ગુના રજી.નં ૧૧૯૯૩૦૧૩૨૨૦૧૪૧/૨૦૨૨ ઇ.પી.કો. કલમ-૨૭૯,૩૦૪(એ) તથા એમ.વી.એક્ટ કલમ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુન્હો તા.૦૧/૦૮/૨૦૨૨ ના કલાક ૨૩/૪૫ વાગ્યે જાહેર થયેલ છે. આ કામે મરણજનાર નારાયણ ઓમપ્રકાશ પ્રજાપતિ ઉ.વ.૪૨ હાલે રહે. ફ્રેન્ડ સોલ્ટની પાસે લેબર કોલોની કંડલા તા.ગાંધીધામ મુળ રહે. મ.નં એ/૯ વિવેકાનંદ કોલોની બલવંતનગર થાણા-થાટીપુર તા.મુરાર જી.ગ્વાલીયર મધ્યપ્રદેશ વાળા તા.૦૧/૦૮/૨૦૨૨ ના કલાક ૧૭/૩૦ વાગ્યાના અરસામા રેલ્વે ફાટક એલ.સી.૨૩૫ થી કે.કે. જંકશન રોડ પર ચાલીને જતા હતા ત્યારે આ કામના તા.૦૧/૦૮/૨૦૨૨ ના કલાક ૧૭/૩૦ વાગ્યાના અરસામા રેલ્વે ફાટક એલ.સી.૨૩૫ થી કે.કે. જંકશન રોડ પર ચાલીને જતા હતા ત્યારે હાઇડ્રા વાહન રજી. **નં. જી.જે.૧૨ સી.એમ.૨૧૫૦** વાળાના ચાલકે પોતાના કબ્જાનુ વાહન પુર ઝડપે,બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી મરણજનારને શરીરે ગંભીર ઇજાઓ પહોચાડી મોત નિપજાવી ગુનો કરેલ હોઇ ઉપરોક્ત નંબર/કલમથી ગુનો દાખલ થયેલ હોઇ આ કામે રજી નં **જી.જે.૧૨ સી.એમ.૨૧૫૦** વાળા વાહનને મંજુરી વગર ગીરો મુકે નહી,નામ ફેર કરે નહી કે અન્ય કોઇને વેચાણ કરે નહી તે બાબતે અત્રેના કંડલા મરીન પો.સ્ટે થી જાવક નં ૨૧૫૩/૨૦૨૨ થી તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ ચીઠી પાઠવવામા આવેલ.

બાદ આ કામે હાઇડ્રા વાહન રજી. **નં. જી.જે.૧૨ સી.એમ.૨૧૫૦** વાળાના ચાલક શ્રીનિવાસ ભોલા નિષાદ ઉ.વ.૨૨ રહે.ગામ-બગહી ટોલા પૈકોલી-સુરોલી મહારાજ તા.જી. દેવરીયા ઉતરપ્રદેશ વાળા વિરૂધ્ધમા કંડલા મરીન પો.સ્ટે. ચાર્જશીટ નં ૩૧/૨૦૨૨ તા.૨૩/૧૦/૨૦૨૨ થી કરવામા આવેલ છે અને નામદાર કોર્ટમા સી.સી. નં ૫૪૭૦/૨૦૨૨ વાળાથી કેસ ચાલુમા છે.

પરંતુ હાઇડ્રા વાહન રજી. **નં. જી.જે.૧૨ સી.એમ.૨૧૫૦** વાળાના માલીક પટેલ કન્ટ્રક્શન કંપનીના પ્રોપરાઇટર તેજાભાઇ સધાભાઇ કાનગડ વાળાને આપ સાહેબની કચેરીએ સદરહુ વાહનનુ ફીટનેસ કરાવવામા અવરોધ થતો હોઇ જેઓએ એક સોગંદનામુ રજુ કરી જણાવેલ છે કે સદરહુ હાઇડ્રા વાહન રજી. **નં. જી.જે.૧૨ સી.એમ.૨૧૫૦** નો કેસ જ્યા સુધી નામદાર કોર્ટમા ચાલશે ત્યા સુધી અમો સદરહુ વાહનનુ વેચાણ નહી કે ગીરવે રાખીશુ નહી તેવુ જણાવેલ હોઇ જેથી સદરહુ હાઇડ્રા રજી. **નં. જી.જે.૧૨ સી.એમ.૨૧૫૦** વાળા વાહન બાબતે આપના સ્તરેથી યોગ્ય કાર્યવાહી કરવા આપ સાહેબને વિનંતી છે.

જે આપ સાહેબને વિ.ભાય.

આવકમાં 2574
શાખા ટ્રા- નોન ટ્રાન્સ
તારીખ 17/08/2023
પ્રા.વા.વ્ય.કચેરી/ભુજ.

Police Inspector
Kandla Marine Police Station

(એચ.કે.હુંબલ)
પોલીસ ઇન્સપેક્ટર
કંડલા મરીન પોલીસ સ્ટેશન

અરજણ સધાભાકાનગડ<br>
બીબીઝેડ-એસ-૬૦<br>
ઝંડા ચોક<br>
ગાંધીધામ-કચ્છ. ૩૭૦૨૦૧<br>
તા-૩૧-૦૧-૨૦૨૩

પ્રતી,
મોટર વાહન અધીકારી શ્રી,
મોટર વાહન અધીકારી શ્રી ની કચેરી,
ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧

વિષય-ટેક્ષ બાકિ ની નોટીસ ના સદર્ભે, ટેક્ષ ભરપાઇ હોવાના પુરાવા સાથે ના જવાબ સહ.

જય ભારત સાથે જણાવાનુ કે અમારા વાહન નં GJ12BJ8033 છે જે વાહન નો ટેક્ષ અમો જવાબદાર નાગીક તરીકે નીયમીત ભરપાઇ કરતા આવિએ છીએ આમ છતા અમોને અમારા ઉપર દર્શાવેલ વાહન નં GJ12BJ8033 ના સદર્ભે થોડા દિવસો અગાઉ આર.ટી.ઓ થી તા-૦૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૦૩-૨૦૧૫ નો ટેક્ષ ભરપાઇ થયેલ નથી તેવી નોટીસ આપવામા આવી છે. પરંતુ અમારા વાહન ના તે સમયગાળા ના ટેક્ષ ભરપાઇ થઇગયેલા છે જેની રસીદ ની નકલ અમો આપને આ અરજી સાથે મોકલી આપીએ છીએ જેની યોગ્યતા આપ અમારા વાહન નં. GJ12BJ8033 ના ખાતાકિય રેકોર્ડ ચોખુ કરી આપશો એવી સહકાર ની અપેક્ષા સહ.

આભાર

લી. આપનો વિશ્વાસુ

સને ૧૯૫૮ ના મુંબઇ મોટર વાહન કર ધારાની કલમ ૧૨ તથા ૧૮ ની જોગવાઇ મુજબ બાકીદારને નોટિસ 234

રજી.એ.ડી.ટપાલથી.

મો.વા.નં. GJ12BJ8033 /RTO/TAX/નોટીસ
પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી
ભુજ-કચ્છ
તા. 11/1/23.

પ્રતિ,
ARJANBHAI SADHABHAI KANGAD
BBZ 560 ZAHDA CHOWK
GANDHIDHAM
KUTCH

વિષયઃ- મોટર વાહન નં. GJ12BJ8033 ના બાકી પડતા ટેક્ષ બાબત.

શ્રીમાન/શ્રીમતિ,

સવિનય જણાવવાનું કે, આરટીઓ કચેરી, ભુજ-કચ્છમાં થયેલ નોંધ પ્રમાણે આપના ઉપરોક્ત વાહનનો તા. 01/04/14 થી તા. 31/03/15 સુધીના સમયનો વ્હીકલ ટેક્ષ ભરાયેલ જણાતો નથી. જો આપે સદરહું સમયનો ટેક્ષ ભરેલો હોય તો તે બાબતની પહોંચ આપવી. ટેક્ષ ભર્યા બદલની વિગત રકમ અને તારીખ અથવા જે કોઇ રીતે ભરેલ હોય તેની વિગતે જાણ કરવા વિનંતી છે. જો આપે ટેક્ષ પેટે લેણી નીકળતી રકમ અત્યાર સુધીમાં ભરેલ ન હોય તો નીચે દર્શાવ્યા મુજબની રકમ રોકડેથી ભરી તે બાબતની સાબિતી રજૂ કરશો.

તારીખ 01/04/14 થી તારીખ 31/03/15 સુધીનો કર રૂ. 5200

દંડ રૂ. 1300

વ્યાજ રૂ. ..........

એકંદરે કુલ રૂ. ..........

આ નોટિસ મળેથી દિવસ-૧૦ માં ખુલાસો કરવો અથવા બાકી કર ભરપાઇ કરવા તજવીજ કરવી.

બાકી કર, દંડ અને વ્યાજ ભરપાઇ નહી કરો અને રજુઆત પણ નહી કરો તો આપશ્રીને કંઇ કહેવાનું નથી તેમ માની કાયદા અનુસાર સખ્ત પગલા લેવામાં આવશે. જેની નોંધ લેશો.

<u>આ ગણતરી નોટીસ ઇસ્યુ તારીખની છે. આપ રકમ ભરવા આવો ત્યારે દંડ અને વ્યાજની અધ્યતન સ્થિતિ પ્રમાણેની ગણતરી કરવામાં આવશે.</u>

નોંધઃ- ઓડીટ શાખાએ સંબંધિત મોટર વાહન માલિકને તાત્કાલિક ટેક્ષ ભરવા માટે ટેલિફોનિક સૂચનાથી જણાવવાનું રહેશે.

આપનો વિશ્વાસુ,

V. A. GAMIT
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી
આરટીઓ, કચ્છ-ભુજ

<u>જય ભારત સહ નકલ રવાના:-</u>

પ્રતિ, મોટર વ્હીકલ ઇન્સ્પેક્ટર/પોલીસ ઇન્સપેકટરશ્રી.............................. ની જાણ અર્થે તેમજ સામેલ/વા.માલિકની સહી લઇ નોટીસની બજવણી કરવા સારૂ.

<u>સવિનય નકલ રવાના:</u>

પ્રતિ, પ્રાદેશિક વાહન વ્યહાર અધિકારીશ્રી.............................. ની જાણ અર્થે તેમજ સદર વાહનનો ઉપરોક્ત સમયનો કર ભરાયેલ ન હોય તો, કર વસૂલાત અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરી આ કચેરીને જાણ કરવા અર્થે.

20-BLNK FRMT

# GUJARAT MOTOR VEHICLES DEPARTMENT

## RECEIPT

1st COPY

No. : II 17336124 RTO(KACHCHH)

Receipt No.: II17336124

Receipt Date : 07-Apr-2014

Name / No. :

MV Class :

| Sr. No. | Activity | Amount in Rs. |
|---|---|---|
| 1 | Road Tax From-01-Apr-2014 To-31-Mar-2015 | 6000 |
| Total | | |

Total Rs. Paid By Cash : 6000/-

Total Rs. Paid by Card :

Total Rs. in Words : SIX THOUSAND ONLY

Pay Order / Card No. :

Pay Order Date :

Bank / Holder Name :

Jadhav

Cashier J.CLERK(JMP)

Sign of Authority

ટીઆરકે એસોસીએટસ

મીહીર તેજાભાઇ કાનગડ

બીબીઝેડ-એસ-૬૦

ઝંડા ચોક

ગાંધીધામ-કચ્છ. ૩૭૦૨૦૧

તા-૩૧-૦૧-૨૦૨૩

પ્રતી,

મોટર વાહન અધીકારી શ્રી,

મોટર વાહન અધીકારી શ્રી ની કચેરી,

ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧

વિષય-ટેક્ષ બાકિ ની નોટીસ ના સદર્ભે, ટેક્ષ ભરપાઇ હોવાના પુરાવા સાથે ના જવાબ સહ.

જય ભારત સાથે જણાવાનુ કે અમારા વાહન નં GJ12BJ8306 છે જે વાહન નો ટેક્ષ અમો જવાબદાર નાગીક તરીકે નીયમીત ભરપાઇ કરતા આવિએ છીએ આમ છતા અમોને અમારા ઉપર દર્શાવેલ વાહન નં GJ12BJ8306ના સદર્ભે થોડા દિવસો અગાઉ આર.ટી.ઓ થી તા-૦૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૦૩-૨૦૧૫ નો ટેક્ષ ભરપાઇ થયેલ નથી તેવી નોટીસ આપવામા આવી છે. પરંતુ અમારા વાહન ના તે સમયગાળા ના ટેક્ષ ભરપાઇ થઇગયેલા છે જેની રસીદ ની નકલ અમો આપને આ અરજી સાથે મોકલી આપીએ છીએ જેની યોગ્યતા આપ અમારા વાહન નં. GJ12BJ8306ના ખાતાકિય રેકોર્ડ ચોખુ કરી આપશો એવી સહકાર ની અપેક્ષા સહ.

આભાર

લી.આપનો વિશ્વાસુ

સને ૧૯૫૮ ના મુંબઇ મોટર વાહન કર ધારાની કલમ ૧૨ તથા ૧૮ ની જોગવાઇ મુજબ બાકીદારને નોટિસ

105

<u>રજી.એ.ડી.ટપાલથી.</u>



મો.વા.નં GJ12BJ8306 RTO/TAX/નોટીસ
પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી
ભુજ-કચ્છ
તા. 11/01/23.

પ્રતિ,
TRK Associates
BBZ 5160 Zanda Chowk
Gandhidham
KUTCH

વિષયઃ- મોટર વાહન નં GJ12BJ8306 ના બાકી પડતા ટેક્ષ બાબત.

શ્રીમાન/શ્રીમતિ,

સવિનય જણાવવાનું કે, આરટીઓ કચેરી, ભુજ-કચ્છમાં થયેલ નોંધ પ્રમાણે આપના ઉપરોક્ત વાહનનો તા. 01.04.14 થી તા. 31.03.15 સુધીના સમયનો વ્હીકલ ટેક્ષ ભરાયેલ જણાતો નથી. જો આપે સદરહું સમયનો ટેક્ષ ભરેલો હોય તો તે બાબતની પહોંચ આપવી. ટેક્ષ ભર્યા બદલની વિગત રકમ અને તારીખ અથવા જે કોઇ રીતે ભરેલ હોય તેની વિગતે જાણ કરવા વિનંતી છે. જો આપે ટેક્ષ પેટે લેણી નીકળતી રકમ અત્યાર સુધીમાં ભરેલ ન હોય તો નીચે દર્શાવ્યા મુજબની રકમ રોકડેથી ભરી તે બાબતની સાબિતી રજૂ કરશો.

તારીખ 01/04/14 થી તારીખ 31/03/15

| | |
|---|---|
| સુધીનો કર રૂ. | 32,000. |
| દંડ રૂ. | 8,000 |
| વ્યાજ રૂ. | |
| એકંદરે કુલ રૂ. | |

આ નોટિસ મળેથી દિવસ-૧૦ માં ખુલાસો કરવો અથવા બાકી કર ભરપાઇ કરવા તજવીજ કરવી.

બાકી કર, દંડ અને વ્યાજ ભરપાઇ નહી કરો અને રજુઆત પણ નહી કરો તો આપશ્રીને કંઇ કહેવાનું નથી તેમ માની કાયદા અનુસાર સખ્ત પગલા લેવામાં આવશે. જેની નોંધ લેશો.

<u>આ ગણતરી નોટીસ ઇસ્યુ તારીખની છે. આપ રકમ ભરવા આવો ત્યારે દંડ અને વ્યાજની અધ્યતન સ્થિતિ પ્રમાણેની ગણતરી કરવામાં આવશે.</u>

નોંધઃ- ઓડીટ શાખાએ સંબંધિત મોટર વાહન માલિકને તાત્કાલિક ટેક્ષ ભરવા માટે ટેલિફોનિક સૂચનાથી જણાવવાનું રહેશે.

આપનો વિશ્વાસુ

(A)
V.A.GAMIT
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી
આરટીઓ, કચ્છ-ભુજ

<u>જય ભારત સહ નકલ રવાનાઃ-</u>
પ્રતિ, મોટર વ્હીકલ ઇન્સ્પેકટર/પોલીસ ઇન્સપેકટરશ્રી.......................... ની જાણ અર્થે તેમજ સામેલ/વા.માલિકની સહી લઇ નોટીસની બજવણી કરવા સારૂ.

<u>સવિનય નકલ રવાનાઃ</u>
પ્રતિ, પ્રાદેશિક વાહન વ્યહાર અધિકારીશ્રી.......................... ની જાણ અર્થે તેમજ સદર વાહનનો ઉપરોક્ત સમયનો કર ભરાયેલ ન હોય તો, કર વસુલાત અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરી આ કચેરીને જાણ કરવા અર્થે.

20-BLNK FRMT

# GUJARAT MOTOR VEHICLES DEPARTMENT

## RECEIPT

1st COPY

No. : II 17336131 RTO(KACHCHH)

Receipt No.: II17336131

Receipt Date : 07-Apr-2014

MV Class :

Name / No. : [illegible]

| Sr. No. | Activity | Amount in Rs. |
|---|---|---|
| 1 | Road Tax From- 01-Apr-2014 To- 31-Mar-2015 | 32000 |

Total

Total Rs. Paid By Cash :

Total Rs. Paid by Card : 32000/-

Total Rs. In Words : 32000/- THIRTY TWO THOUSAND ONLY

Pay Order / Card No. :

Pay Order Date :

Bank / Holder Name :

Cashier J.CLERK(pbm)

Sign of Authority

ટીઆરકે એસોસીએટસ
મીહીર તેજાભાઇ કાનગડ
બીબીઝેડ-એસ-૬૦
ઝંડા ચોક
ગાંધીધામ-કચ્છ. ૩૭૦૨૦૧
તા-૩૧-૦૧-૨૦૨૩

પ્રતી,
મોટર વાહન અધીકારી શ્રી,
મોટર વાહન અધીકારી શ્રી ની કચેરી,
ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧

વિષય-ટેક્ષ બાકિ ની નોટીસ ના સદર્ભે, ટેક્ષ ભરપાઇ હોવાના પુરાવા સાથે ના જવાબ સહ.

જય ભારત સાથે જણાવાનુ કે અમારા વાહન નં GJ12BJ8323 છે જે વાહન નો ટેક્ષ અમો જવાબદાર નાગીક તરીકે નીયમીત ભરપાઇ કરતા આવિએ છીએ આમ છતા અમોને અમારા ઉપર દર્શાવેલ વાહન નં GJ12BJ8323 ના સદર્ભે થોડા દિવસો અગાઉ આર.ટી.ઓ થી તા-૦૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૦૩-૨૦૧૫ નો ટેક્ષ ભરપાઇ થયેલ નથી તેવી નોટીસ આપવામા આવી છે. પરંતુ અમારા વાહન ના તે સમયગાળા ના ટેક્ષ ભરપાઇ થઇગયેલા છે જેની રસીદ ની નકલ અમો આપને આ અરજી સાથે મોકલી આપીએ છીએ જેની યોગ્યતા આપ અમારા વાહન નં. GJ12BJ8323 ના ખાતાકિય રેકોર્ડ ચોખુ કરી આપશો એવી સહકાર ની અપેક્ષા સહ.

આભાર

લી.આપનો વિશ્વાસુ

સને ૧૯૫૮ ના મુંબઇ મોટર વાહન કર ધારાની કલમ ૧૨ તથા ૧૮ ની જોગવાઇ મુજબ બાકીદારને નોટિસ

1<u>11</u>

રી.એ.ડી.ટપાલથી.

મો.વા.નં. GJ12BJ8323 RTO/TAX/નોટીસ
પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી
ભુજ-કચ્છ
તા. 11/1/23

પ્રતિ,
TRK Associates
BBZ 5161 ZANDA CHOWK
Gandhidham - 370201
Kutch

વિષયઃ- મોટર વાહન નં. GJ12BJ8323 ના બાકી પડતા ટેક્ષ બાબત.

શ્રીમાન/શ્રીમતિ,

સવિનય જણાવવાનું કે, આરટીઓ કચેરી, ભુજ-કચ્છમાં થયેલ નોંધ પ્રમાણે આપના ઉપરોક્ત વાહનનો તા. 01/04/14 થી તા. 31/03/15 સુધીના સમયના વ્હીકલ ટેક્ષ ભરાયેલ જણાતા નથી. જો આપ સદરહુ સમયનો ટેક્ષ ભરેલો હોય તો તે બાબતની પહોંચ આપવી. ટેક્ષ ભર્યા બદલની વિગત રકમ અને તારીખ અથવા જે કોઇ રીતે ભરેલ હોય તેની વિગતે જાણ કરવા વિનંતી છે. જો આપે ટેક્ષ પેટે લેણી નીકળતી રકમ અત્યાર સુધીમાં ભરેલ ન હોય તો નીચે દર્શાવ્યા મુજબની રકમ રોકડેથી ભરી તે બાબતની સાબિતી રજૂ કરશો.

તારીખ 01/04/14 થી તારીખ 31/03/15

| | |
|---|---|
| સુધીનો કર રૂ. | 32,000 |
| દંડ રૂ. | 8000 |
| વ્યાજ રૂ. | |
| એકંદરે કુલ રૂ. | |

આ નોટિસ મળેથી દિવસ-૧૦ માં ખુલાસો કરવો અથવા બાકી કર ભરપાઇ કરવા તજવીજ કરવી.

બાકી કર, દંડ અને વ્યાજ ભરપાઇ નહી કરો અને રજુઆત પણ નહી કરો તો આપશ્રીને કંઇ કહેવાનું નથી તેમ માની કાયદા અનુસાર સખ્ત પગલા લેવામાં આવશે. જેની નોંધ લેશો.

<u>આ ગણતરી નોટીસ ઇસ્યુ તારીખની છે. આપ રકમ ભરવા આવો ત્યારે દંડ અને વ્યાજની અદ્યતન સ્થિતિ પ્રમાણેની ગણતરી કરવામાં આવશે.</u>

નોંધઃ- ઓડીટ શાખાએ સંબંધિત મોટર વાહન માલિકને તાત્કાલિક ટેક્ષ ભરવા માટે ટેલિફોનિક સૂચનાથી જણાવવાનુ રહેશે.

આપનો વિશ્વાસુ,

(A)

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી
આરટીઓ, કચ્છ-ભુજ

<u>જય ભારત સહ નકલ રવાનાઃ-</u>

પ્રતિ, મોટર વ્હીકલ ઇન્સ્પેકટર/પોલીસ ઇન્સપેકટરશ્રી.............................. ની જાણ અર્થે તેમજ સામેલ/વા.માલિકની સહી લઇ નોટીસની બજવણી કરવા સારૂ.

<u>સવિનય નકલ રવાનાઃ</u>

પ્રતિ, પ્રાદેશિક વાહન વ્યહાર અધિકારીશ્રી.............................. ની જાણ અર્થે તેમજ સદર વાહનનો ઉપરોક્ત સમયનો કર ભરાયેલ ન હોય તો, કર વસુલાત અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરી આ કચેરીને જાણ કરવા અર્થે.

20-BLNK FRMT

# GUJARAT MOTOR VEHICLES DEPARTMENT

## RECEIPT

1st COPY

No. : II 17336132 RTO(KACHCHH)

Receipt No.: II17336132

Receipt Date : 07-Apr-2014

Name / No. :

MV Class :

| Sr. No. | Activity | Amount in Rs. |
|---|---|---|
| 1 | Road Tax From- 01-Apr-2014 To-31-Mar-2015 | 32000 |
| Total | | |

Total Rs. Paid By Cash :

Total Rs. Paid by Card : 32000

Total Rs. In Words : 32000/- THIRTY TWO THOUSAND ONLY

Pay Order / Card No.

Pay Order Date :

Bank / Holder Name :

Cashier

Sign of Authority